દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૪ વર્ષ

રવિવાર ૧ નવેમ્બર, ૨૦૨૬

પાકિસ્તાનમાં હિન્દુ 15 ટકા થી ઘટીને 2 ટકા થી પણ ઓછા થઈ ગયા

2026નો અંદાજ: ભારતમાં મુસ્લિમ વસ્તી કુલ વસ્તીના આશરે 14.5%થી 15%

આઝાદી પહેલાં 14.6 ટકા હોવાનો દાવો, હિંસા અને ધર્મપરિવર્તનના આરોપો વચ્ચે લઘુમતીઓના અસ્તિત્વનો સવાલ

ભારતના ભાગલા વખતે ધર્મના આધારે થયેલી હિંસા અને લાખો લોકોના સ્થળાંતરની પીડા આજે પણ ઉપખંડના ઇતિહાસમાં એક કાળા પ્રકરણ તરીકે નોંધાયેલી છે. 1947માં ભારત અને પાકિસ્તાન અલગ રાષ્ટ્ર બન્યાં ત્યારે બંને દેશોના નાગરિકોએ શાંતિ, સુરક્ષા અને સન્માન સાથે જીવન જીવવાનાં સપનાં જોયાં હતાં. પરંતુ સવાલ એ છે કે પાકિસ્તાનમાં વસતા હિન્દુઓ સહિતના ધાર્મિક લઘુમતીઓ માટે આ સપનાં કેટલાં સાકાર થયાં? પાકિસ્તાનમાં હિન્દુઓની વસ્તી માત્ર 1.7 ટકા રહી હોવાનો અને આઝાદી પહેલાં તે 14.6 ટકા હોવાનો દાવો ફરી ચર્ચામાં આવ્યો છે. જો આ આંકડાઓની પાછળ છુપાયેલા ઐતિહાસિક સંદર્ભ અને વસ્તીગણતરીની પદ્ધતિને સમજીએ, તો લઘુમતીઓની સ્થિતિ અંગે અનેક ગંભીર પ્રશ્નો ઊભા થાય છે.

1947માં ભારતના ભાગલા વખતે આજના પાકિસ્તાનના પ્રદેશોમાં હિન્દુઓની વસ્તીનું પ્રમાણ એકસરખું નહોતું. પશ્ચિમ પાકિસ્તાન અને આજના બાંગ્લાદેશનો સમાવેશ કરતા પૂર્વ પાકિસ્તાનની વસ્તી વચ્ચે મોટો તફાવત હતો. 1971માં બાંગ્લાદેશની રચના થતાં પૂર્વ પાકિસ્તાન અલગ દેશ બન્યું. તેથી આઝાદી પહેલાંના અખંડ પાકિસ્તાનની વસ્તીની સરખામણી આજના પાકિસ્તાન સાથે સીધી રીતે કરવી ભ્રામક બની શકે છે.

14.6 ટકાનો આંકડો કયા પ્રદેશ, કયા વર્ષ અને કઈ વસ્તીગણતરીના આધારે રજૂ થયો છે, તે જાણવું જરૂરી છે. એ જ રીતે, વર્તમાન પાકિસ્તાનમાં હિન્દુઓનું પ્રમાણ 1.7 ટકા હોવાના દાવાની ચકાસણી માટે સત્તાવાર વસ્તીગણતરી અને તેની વ્યાખ્યાઓ જોવી જોઈએ. આંકડાઓની ચોકસાઈ મહત્ત્વની છે, કારણ કે લઘુમતીઓની સ્થિતિ જેવા સંવેદનશીલ વિષય પર ખોટી સરખામણી સાચા પ્રશ્નોને પણ નબળા બનાવી શકે છે.

પરંતુ આંકડાકીય સાવચેતીનો અર્થ એ નથી કે લઘુમતીઓ સામેની મુશ્કેલીઓની અવગણના કરવામાં આવે. પાકિસ્તાનમાં હિન્દુઓની સામાજિક સ્થિતિ, તેમની સુરક્ષા, ધાર્મિક સ્વતંત્રતા અને સમાન નાગરિક અધિકારો અંગે લાંબા સમયથી ચિંતાઓ વ્યક્ત થતી રહી છે. કોઈ પણ લોકશાહી કે આધુનિક રાષ્ટ્રની સફળતાનો માપદંડ માત્ર તેની આર્થિક પ્રગતિ કે લશ્કરી શક્તિ નથી. દેશના સૌથી નબળા નાગરિકને કેટલી સુરક્ષા મળે છે, તે પણ એટલું જ મહત્ત્વનું છે. પાકિસ્તાનમાં હિન્દુઓ સહિતના ધાર્મિક લઘુમતીઓની સુરક્ષાનો પ્રશ્ન આ જ માપદંડ પર તપાસવો જોઈએ.

પાકિસ્તાનના વિવિધ વિસ્તારોમાં હિન્દુ મંદિરો પર હુમલા, ધાર્મિક સ્થળોને નુકસાન પહોંચાડવાની ઘટનાઓ અને લઘુમતીઓ સામે હિંસાના અહેવાલો સમયાંતરે સામે આવતા રહ્યા છે. કેટલીક ઘટનાઓમાં ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચ્યાના આક્ષેપો થયા છે, તો કેટલીકમાં જમીનના વિવાદો અને સામાજિક તણાવ પણ કારણભૂત બન્યાં છે. આવા બનાવો માત્ર એક વ્યક્તિ કે પરિવારને નુકસાન પહોંચાડતા નથી, પરંતુ સમગ્ર સમુદાયમાં ભયનું વાતાવરણ ઊભું કરે છે.

જ્યારે કોઈ સમુદાયના લોકોને પોતાની ધાર્મિક ઓળખ જાહેર કરવામાં, પોતાના તહેવારો ઊજવવામાં કે ધાર્મિક સ્થળોએ જવામાં અસુરક્ષાનો અનુભવ થાય, ત્યારે તેમના નાગરિક અધિકારોનો સવાલ ઊભો થાય છે. કોઈ પણ વ્યક્તિએ પોતાના ધર્મને કારણે ભયમાં જીવવું પડે, તે સ્વતંત્ર અને ન્યાયી સમાજની કલ્પનાથી વિરુદ્ધ છે. જોકે દરેક હિંસક ઘટનાનું કારણ એકસરખું હોતું નથી. તેથી દરેક બનાવની નિષ્પક્ષ તપાસ થવી જોઈએ અને જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી થવી જોઈએ. ગુનેગારને તેના ધર્મના આધારે નહીં, પરંતુ તેના કૃત્યના આધારે સજા મળવી જોઈએ. પાકિસ્તાનમાં હિન્દુ લઘુમતીઓની સ્થિતિ અંગે ચર્ચા થાય ત્યારે બળજબરીથી ધર્મપરિવર્તન અને લઘુમતી સમુદાયની સગીર વયની છોકરીઓના અપહરણના આરોપો પણ મહત્ત્વનો મુદ્દો બને છે. માનવાધિકાર કાર્યકરો અને લઘુમતી સંગઠનોએ આવા કિસ્સાઓ અંગે વારંવાર ચિંતા વ્યક્ત કરી છે. કેટલાક કિસ્સાઓમાં હિન્દુ યુવતીઓનું અપહરણ, ઇસ્લામ સ્વીકારવા દબાણ અને ત્યારબાદ લગ્ન કરાવવાના આરોપો સામે આવ્યા છે. આવા કિસ્સાઓમાં પીડિત પરિવારને ન્યાય મેળવવામાં મુશ્કેલીઓ પડતી હોવાની ફરિયાદો પણ કરવામાં આવી છે. જોકે દરેક કેસના તથ્યો અલગ હોઈ શકે છે અને આરોપોની તપાસ પુરાવાના આધારે થવી જરૂરી છે.

ધર્મપરિવર્તન વ્યક્તિની સ્વતંત્ર ઇચ્છાથી થતું હોય તો તે તેના વ્યક્તિગત અધિકારનો વિષય છે. પરંતુ ધમકી, દબાણ, છેતરપિંડી કે અપહરણના માધ્યમથી કોઈને ધર્મ બદલવા મજબૂર કરવામાં આવે તો તે માનવ અધિકારોનું ગંભીર ઉલ્લંઘન છે. ધર્મની સ્વતંત્રતા એટલે કોઈ પણ વ્યક્તિને પોતાની માન્યતા પસંદ કરવાનો અધિકાર; બીજાની માન્યતા છીનવી લેવાનો અધિકાર નહીં. પાકિસ્તાનની સરકાર અને ન્યાયતંત્રની જવાબદારી છે કે આવા આરોપોની નિષ્પક્ષ તપાસ થાય, પીડિતોને સુરક્ષા મળે અને કાયદાનું પાલન થાય. જો કોઈ ગુનો સાબિત થાય તો આરોપી સામે કડક કાર્યવાહી થવી જોઈએ. ન્યાયની પ્રક્રિયામાં પીડિતની ઉંમર, સંમતિ અને સુરક્ષાને વિશેષ મહત્ત્વ આપવું જોઈએ. કોઈ પણ સમુદાયની વસ્તીમાં લાંબા ગાળે થતા ફેરફારો પાછળ માત્ર એક જ કારણ જવાબદાર હોતું નથી. સ્થળાંતર, આર્થિક તકો, જન્મદર, મૃત્યુદર, લગ્ન, સામાજિક માળખું અને વસ્તીગણતરીની પદ્ધતિ જેવા પરિબળો પણ વસ્તીના પ્રમાણને અસર કરે છે. પાકિસ્તાનમાં રહેતા હિન્દુઓના એક વર્ગની આર્થિક અને સામાજિક સ્થિતિ અંગે પણ ચિંતાઓ વ્યક્ત કરવામાં આવે છે. ખાસ કરીને સિંધના કેટલાક વિસ્તારોમાં હિન્દુ પરિવારો ખેતી, મજૂરી અને નાના વ્યવસાયો સાથે જોડાયેલા છે. ગરીબી, શિક્ષણની મર્યાદિત તકો અને સામાજિક અસમાનતા તેમના વિકાસમાં અવરોધ બની શકે છે.

જ્યારે આર્થિક રીતે નબળા સમુદાયને પૂરતી કાનૂની સુરક્ષા અને શિક્ષણની તકો મળતી નથી, ત્યારે તેની મુશ્કેલીઓ વધુ ગંભીર બને છે. જો ધાર્મિક ઓળખને કારણે ભેદભાવનો અનુભવ પણ થાય, તો પરિસ્થિતિ વધુ જટિલ બની શકે છે.

સૌથી મહત્ત્વનું શું?

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

ન્યૂઝીલેન્ડના એક કબીલાનો સરદાર તોહુ સમુદ્ર પાર જવા માટે દુનિયાની સૌથી સુંદર નાવ બનાવવા માગતો હતો. તેણે જંગલનું સૌથી ઊંચું ઝાડ કાપ્યું અને ત્રણ વર્ષ સુધી કારીગરો પાસે તેમાં નકશીકામ કરાવ્યું. નાવનું મુખ ઉઘાડા મોંવાળા દેવના મોઢામાંથી આગ નીકળતી હોય તેવું બનાવ્યું, ચમકતા છીપમાંથી આંખો બનાવી.

ઘણા પ્રયત્નો પછી બહુ સુંદર નાવ તૈયાર થઈ ત્યારે તોહુને ગર્વ થયો. તેણે પોતાના કબીલાના સાથીઓને કહ્યું, 'આ નાવ લઈને આપણે બધા દરિયો ખેડવા નીકળીશું અને આ નાવ જ આપણને નવી ભૂમિ સુધી પહોંચાડશે.' એ રાત્રે એક વૃદ્ધ કારીગર ઇહા તેની પાસે આવ્યા. 'સરદાર, નાવ સુંદર છે. પણ એક પ્રશ્ન પૂછું? એને હલેસાં કોણ મારશે?' સરદાર તોહુ હસ્યો અને બોલ્યો, 'મારી પાસે ઘણા તાકતવર જુવાનો છે... આ મારા જુવાનો હલેસાં મારી નાવને પવનવેગે ચલાવશે જોજો.' વૃદ્ધ કારીગર ઇહાએ કહ્યું, 'પણ વિચારી જુઓ, જો આ જવાનો તેઓ થાકી જાય કે ભૂખ્યા હોય કે બીમાર પડે કે કોઈક કારણસર તમારાથી નારાજ થાય? તો શું કરશો?'

આ પ્રશ્ન સાંભળી સરદાર ચૂપ થઈ ગયો. ત્રણ વર્ષમાં તેણે નાવ બનાવવા માટે બધું ધ્યાન અપાયું હતું. લાકડાની દરેક રેખાને ધ્યાનથી જોઈ હતી, પણ હલેસાં મારનારાઓના ચહેરાઓ ભાગ્યે જ જોયા હતા. બીજા દિવસે તોહુએ કબીલાના દરેક જણને બોલાવ્યા. બધા સાથે બેસીને વાત કરી. કયાં જુવાનો આવશે, તેમાંથી કોણ શક્તિશાળી છે, કોની પાસે શું કૌશલ છે, કોનું ઘર પાછળ રહેશે તેની ચિંતા શું છે. કોણ ડરેલું છે... કોણ કોઈ શારીરિક તકલીફ ધરાવે છે...બધું જાણ્યું અને નોંધી લીધું. પછી તેણે બાળકોને વાર્તા કહી, વૃદ્ધોને હાથ ઝાલીને નાવ દેખાડવા લઈ ગયો અને દરેક હલેસાંને તેના હાંકનારનું નામ આપ્યું તેથી બધાનો ઉત્સાહ વધ્યો. જ્યારે સમુદ્રમાં તોફાન આવ્યું, ત્યારે નાવની સુંદરતા કામ ન લાગી. કામ લાગી એ એકસો જુવાનોના હાથોની લય, જે એકસાથે ઊઠતા અને નીચે જતા રહ્યા અને થાક્યા વિના હલેસાં હાંકતા રહ્યા તેથી તોફાનમાં નાવ ડગમગી પણ ડૂબી નહીં.

નવી ભૂમિ પર ઊતરતાં તોહુએ ઇહાને કહ્યું, 'તમે મને મારી આંખ ખોલી નાખનાર પ્રશ્ન પૂછ્યો હતો અને તમે પૂછેલા પ્રશ્ન પર મેં ઘણો વિચાર કર્યો હતો અને બધાને માન,પ્રેમ અને સન્માન આપ્યાં તેથી બધાનો સાથ મને મળ્યો.'

વૃદ્ધ ઇહા હસ્યા અને બોલ્યા 'સુંદર નાવ તો ગમે ત્યારે બની શકે, સરદાર. પણ તેને સફળતાથી ચલાવવા તો આપણા માણસો જ જોઈએ અને તે જ સૌથી મહત્ત્વના છે.

ન્યુઝીલેન્ડના આદિવાસીઓમાં પ્રચલિત કહેવત જેનો અર્થ છે "દુનિયામાં સૌથી મહત્ત્વનું શું છે? માણસ, માણસ, માણસ." તે અત્યારે પણ એટલી જ સાચી અને મહત્ત્વનો સંદેશ આપે છે કે સંપત્તિ, પદ કે સિદ્ધિ બધું બીજા ક્રમે છે. સાચી મૂડી તો તમારી સાથે ચાલનારા તમારા માણસો છે.

ઈરાનનો અમેરિકાને સ્પષ્ટ સંદેશ : શરતો એકસાથે પૂરી કરો, તો જ મંત્રણા શક્ય

વર્લ્ડ વૉચ

ડૉ. જયનારાયણ વ્યાસ

ઈરાને કહ્યું છે કે જ્યાં સુધી અમેરિકા તેની તમામ શરતોનો એકસાથે અમલ નહીં કરે ત્યાં સુધી ઈરાન તરફથી કોઈ નવું પગલું ભરવામાં આવશે નહીં

ઈરાન અને અમેરિકા વચ્ચેનો તણાવ ઘટાડવા માટે ફરી એક વખત રાજદ્વારી પ્રયાસો શરૂ થયાના સંકેતો મળી રહ્યા છે, પરંતુ તેહરાનના વલણ પરથી સ્પષ્ટ થાય છે કે અત્યારે બંને દેશો વચ્ચે સમાધાનનો માર્ગ સરળ નથી. ઈરાને અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સ દ્વારા મંત્રણા ફરી શરૂ કરવાની કરવામાં આવેલી કથિત પહેલ નકારી કાઢી છે. ઈરાને કહ્યું છે કે જ્યાં સુધી અમેરિકા તેની તમામ શરતોનો એકસાથે અમલ નહીં કરે ત્યાં સુધી ઈરાન તરફથી કોઈ નવું પગલું ભરવામાં આવશે નહીં.

વાન્સે તાજેતરમાં ઈરાનની સુપ્રીમ નેશનલ સિક્યુરિટી કાઉન્સિલના સચિવ મોહસેન રેઝાઈ સાથે પત્રવ્યવહાર કર્યો હોવાનું ઈરાને જણાવ્યું હતું. ઈરાનના જણાવ્યા પ્રમાણે, અમેરિકન અહેવાલોમાં મંત્રણા આગળ વધી રહી હોવાના અથવા ઈરાન પોતાના વલણમાંથી પીછેહઠ કરી રહ્યું હોવાના જે દાવા કરવામાં આવી રહ્યા છે તે પણ વાસ્તવિકતા સાથે સુસંગત નથી. ઈરાને હજી સુધી વાન્સના પત્રનો સત્તાવાર જવાબ આપ્યો નથી.

ઈરાનનું વલણ છે કે પહેલાં અમેરિકાએ પોતાની નીતિ અને જમીન પરની કાર્યવાહી બદલવી પડશે. ઈરાનની માગણીઓમાં મુખ્યત્વે નીચેના મુદ્દાઓનો સમાવેશ થાય છેઃ

1). તમામ લશ્કરી કાર્યવાહીનો અંતઃ ઈરાન સામેની તમામ લશ્કરી કાર્યવાહી સંપૂર્ણપણે બંધ કરવામાં આવે.

2). જપ્ત કરાયેલી સંપત્તિ મુક્ત કરવીઃ વિદેશમાં અટકાવી રાખવામાં આવેલી ઈરાનની નાણાકીય સંપત્તિ અને ભંડોળ મુક્ત કરવામાં આવે.

3). નૌકાદળની નાકાબંધી હટાવવીઃ ઈરાનના દરિયાઈ વેપાર અને આવનજાવન પર લાદવામાં આવેલી અમેરિકન નાકાબંધી દૂર કરવામાં આવે.

4). ઈરાનની નજીકના વિસ્તારોમાંથી અમેરિકન સૈન્ય પાછું ખેંચવુંઃ ઈરાનની આસપાસ તહેનાત અમેરિકન દળોને પાછાં બોલાવવામાં આવે.

આ સમગ્ર ઘટનાક્રમમાં સૌથી મહત્ત્વનો મુદ્દો એ છે કે બંને દેશો મંત્રણા શરૂ કરવાની પૂર્વશરતો અંગે એકબીજાથી તદ્દન વિપરીત દિશામાં ઊભા છે.

અમેરિકા ઈચ્છે છે કે ઈરાન મંત્રણા માટે આગળ આવે અને રાજદ્વારી ઉકેલનો માર્ગ ખોલે. બીજી તરફ, ઈરાનનું કહેવું છે કે પહેલાં અમેરિકાએ પોતાની લશ્કરી અને આર્થિક નીતિમાં ફેરફાર કરવો જોઈએ. ઈરાનની દૃષ્ટિએ, અમેરિકાએ એક તરફ દબાણ અને નાકાબંધી ચાલુ રાખીને બીજી તરફ શાંતિમંત્રણા કરવાની વાત કરવી સ્વીકાર્ય નથી.

ઈરાનની તમામ શરતો એકસાથે સ્વીકારવાની માગણી પણ મહત્ત્વપૂર્ણ છે. તેનો અર્થ એ થાય છે કે તેહરાન તબક્કાવાર રાહતો આપવા તૈયાર નથી અથવા ઓછામાં ઓછું હાલના તબક્કે એવું વલણ દર્શાવી રહ્યું છે. તે માને છે કે પહેલાં અમેરિકાએ વિશ્વાસ પુનઃસ્થાપિત કરવો જોઈએ.

જો ઈરાનનું આ વલણ યથાવત્ રહે અને અમેરિકા તેની માગણીઓ સ્વીકારવા તૈયાર ન થાય તો બંને દેશો વચ્ચેનો સંઘર્ષ લાંબો ખેંચાઈ શકે છે. તેની અસર માત્ર ઈરાન અને અમેરિકા પૂરતી મર્યાદિત નહીં રહે. સમગ્ર પશ્ચિમ એશિયાની સુરક્ષા, આંતરરાષ્ટ્રીય ક્રૂડ ઓઈલ બજાર, દરિયાઈ વેપાર અને વૈશ્વિક અર્થતંત્ર પર તેની અસર પડી શકે છે.

હાલની સ્થિતિમાં ઈરાનનો સંદેશ સ્પષ્ટ છેઃ પહેલાં અમેરિકાએ તેની તમામ શરતો સ્વીકારી તેનો અમલ કરવો અને ત્યાર પછી જ મંત્રણા અંગે વિચારણા થઈ શકે. પરંતુ અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પ માટે પણ આ સરળ નિર્ણય નથી. ઈરાનની બધી શરતો સ્વીકારવાનો અર્થ અમેરિકાની અત્યાર સુધીની દબાણ આધારિત નીતિમાં મોટો ફેરફાર કરવો એવો થઈ શકે છે. આથી હવે મુખ્ય પ્રશ્ન એ નથી કે જેડી વાન્સ ઈરાનને ફરી મંત્રણા માટે પત્ર લખે છે કે નહીં. મુખ્ય પ્રશ્ન એ છે કે શું વૉશિંગ્ટન ઈરાનની શરતો સ્વીકારવા તૈયાર થશે અને શું તેહરાન પોતાની માગણીઓમાં કોઈ લવચીકતા દાખવશે? હાલ પૂરતું તો ઈરાન પોતાના વલણ પર અડગ છે. અમેરિકાના સંદેશાઓ અને રાજદ્વારી પ્રયાસો ચાલુ રહી શકે છે, પરંતુ તેહરાન તરફથી સ્પષ્ટ સંકેત છે કે માત્ર પત્રવ્યવહારથી હવે સમાધાનનો માર્ગ ખૂલવાનો નથી.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

રાજમોહન ગાંધીના 'પટેલ':સમયના બદલાતા રાજકીય સંદર્ભમાં સરદારનો સાચો ઈતિહાસ

સમયાંતર

રામચંદ્ર ગુહા

પટેલનાં પ્રારંભિક વર્ષો, અભ્યાસ, કૌટુંબિક જીવન, વકીલ તરીકેની સફળતા, સ્વતંત્રતા સંગ્રામમાં ભાગીદારી, જેલવાસ અને રજવાડાંઓને એકત્રિત કરવામાં ગૃહમંત્રી તરીકેની ભૂમિકા-આ બધાનું તેમણે કાળજીપૂર્વક અને નિષ્પક્ષતાથી વર્ણન કર્યું છે

૧૯૯૧માં રાજમોહન ગાંધીએ 'પટેલઃ અ લાઈફ' પુસ્તક પ્રકાશિત કર્યું હતું. એપ્રિલ ૧૯૯૦ની તારીખ ધરાવતી આ પુસ્તકની પ્રસ્તાવનામાં રાજમોહન લખે છેઃ 'સ્વતંત્ર ભારતની સ્થાપનાએ મુખ્યત્વે ત્રણ પુરુષો-ગાંધી, નેહરુ અને પટેલના પ્રયાસોમાંથી વૈધતા અને શક્તિ મેળવી હતી. પરંતુ જ્યારે નેહરુના કિસ્સામાં ભરપૂર સન્માન અને ગાંધીના કિસ્સામાં કર્તવ્યભાવ સાથે તેમને યાદ કરવામાં આવે છે, ત્યારે પટેલના કિસ્સામાં તે અત્યંત કંજૂસીભર્યા રહ્યા છે.'

આ પ્રસ્તાવના નેહરુ શતાબ્દી વર્ષની ઉજવણી પછી લખાઈ હતી. રાજીવ ગાંધીના નેતૃત્વ હેઠળની સરકારે આ ઉજવણી ધામધૂમથી કરી હતી. તેમના પહેલાં ઈન્દિરા ગાંધીએ પણ વડાં પ્રધાન તરીકેના કાર્યકાળ દરમિયાન નેહરુની મરણોત્તર છબીને ચમકાવવા માટે પ્રયાસો કર્યા હતા. એ જ સંદર્ભમાં વલ્લભભાઈ પટેલ પરનું રાજમોહનનું પુસ્તક પહેલી વાર પ્રકાશિત થયું હતું. 35 વર્ષ પછી તેની નવી આવૃત્તિ એવા સમયે આવી છે જ્યારે રાજકીય વાતાવરણ સાવ અલગ છે. રાજમોહન લખે છે કે રાષ્ટ્રીય સ્તરે પ્રખ્યાત થયા પછી પણ વલ્લભભાઈ 'પોતાના ગ્રામીણ મૂળ માટે હંમેશાં ગર્વ અનુભવતા હતા'. 1920ના દાયકાના ઉત્તરાર્ધમાં બારડોલી સત્યાગ્રહના નેતૃત્વ દરમિયાન તેઓ 'ખેડૂતોની બોલી અને ખેડૂતોના મુહાવરાના માસ્ટર' સાબિત થયા હતા અને તેમણે ખેડૂતોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. રાજમોહન લખે છે કે 'વલ્લભભાઈને ગાંધીમાં જ ત્રણ વ્યક્તિત્વો જોવા મળ્યાં હતાં-એક સંત, યોદ્ધા અને માર્ગદર્શક કે જેના પર તેઓ વિશ્વાસ કરી શકતા હતા અને અનુસરી શકતા હતા.' 1930ના દાયકામાં બ્રિટિશ રાજના સહકેદી તરીકે બંનેએ 16 મહિના સાથે વિતાવ્યા હતા. એ દરમિયાન વલ્લભભાઈનો મહાત્મા પ્રત્યેનો સ્નેહ અનેક સેવાકાર્યોમાં વ્યક્ત થતો હતો. તેઓ દરરોજ ગાંધીજી માટે લીમડાનું દાતણ તૈયાર કરતા, લીંબુ નિચોવતા અને તેમના પત્રો લખવામાં મદદ કરતા. 1930ના દાયકાના ઉત્તરાર્ધમાં નેહરુ અને પટેલ કોંગ્રેસના બે મુખ્ય નેતાઓ તરીકે ઊભર્યા ત્યારે રાજકીય વ્યૂહરચનાના મુદ્દે તેમના મતભેદો હતા. આમ છતાં, રાજમોહન લખે છે કે, 'આઝાદી સૌથી પહેલાં મળવી જોઈએ અને ગાંધી અતિ આવશ્યક હતા. આ બે મૂળભૂત બાબતો હતી, જેના પર વલ્લભભાઈ અને જવાહરલાલ સહમત હતા.' નેહરુએ પણ પટેલ સાથેના સંબંધો વિશે કહ્યું હતું કે, 'અમારા રાજકીય મતભેદો કરતાં અમારા સંમતિના મુદ્દાઓ વધુ હતા.' ગાંધીજીના અવસાન બાદ બંનેએ પોતાના મતભેદો ભૂલીને સાથે કામ કરવાનો નિર્ણય લીધો હતો. ગાંધીજીની હત્યાના ત્રણ દિવસ પછી નેહરુએ પટેલને પત્ર લખ્યો હતો કે, 'બાપુના અવસાન સાથે બધું જ બદલાઈ ગયું છે અને આપણે એક અલગ અને વધુ મુશ્કેલ વિશ્વનો સામનો કરવાનો છે. જૂના વિવાદોનું હવે બહુ મહત્ત્વ રહ્યું નથી અને મને લાગે છે કે સમયની તાકીદની જરૂરિયાત એ છે કે આપણે બધાએ શક્ય તેટલી નિકટતાથી અને સહકારી રીતે કામ કરવું.' નેહરુએ વધુમાં લખ્યું હતું કે, 'આપણે એકબીજા સાથે ગાઢ રીતે જોડાયાને 25 વર્ષ કરતાં પણ વધુ સમય થઈ ગયો છે અને સાથે મળીને ઘણાં વાવાઝોડાં અને જોખમોનો સામનો કર્યો છે. હું પૂરી ઈમાનદારીથી કહી શકું છું કે આ સમયગાળા દરમિયાન તમારા પ્રત્યે મારો સ્નેહ અને આદર વધ્યો છે.' પટેલે જવાબમાં આ લાગણીઓનો હૃદયપૂર્વક સ્વીકાર કર્યો હતો. તેમણે લખ્યું હતું કે બાપુના મૃત્યુથી બધું બદલાઈ ગયું છે અને દેશની કટોકટી આપણને સાથે મળીને કરેલા કામની અનુભૂતિ કરાવે છે. દેશના હિતમાં હવે વધુ સંયુક્ત પ્રયાસોની જરૂર છે.

બંનેએ મતભેદો ભૂલીને દેશના ટુકડાઓને એક રાષ્ટ્રમાં જોડવા સાથે મળીને કામ કર્યું. રાજમોહન લખે છે કે ગૃહમંત્રી અને વડા પ્રધાન તરીકે સાથે કામ કરતા વર્ષોમાં પટેલ નેહરુની પ્રાથમિકતા અને લોકપ્રિયતાથી સારી રીતે વાકેફ હતા. 14 નવેમ્બર 1948ના રોજ નેહરુના 69મા જન્મદિવસે પટેલે લખ્યું હતું કે, 'મહાત્મા ગાંધીએ પંડિત નેહરુને પોતાના ઉત્તરાધિકારી તરીકે નામાંકિત કર્યા હતા. ગાંધીજીના મૃત્યુ પછી આપણને સમજાયું છે કે આપણા નેતાનો નિર્ણય સાચો હતો.' આ કૉલમ વલ્લભભાઈ પટેલની 151મી જન્મજયંતી પર પ્રકાશિત થઈ રહી છે. ગાંધી અને નેહરુ સાથેના પટેલના સંબંધો સહિત તેમના જીવન અને કાર્યનાં વિવિધ પાસાંઓ જાણવા માગતા લોકોએ રાજમોહનનું પુસ્તક વાંચવું જોઈએ. આ મહાન સ્વાતંત્ર્ય સેનાની અને રાષ્ટ્રનિર્માતાના જીવનનો તે સૌથી સંપૂર્ણ અને વિગતવાર અભ્યાસ છે. મેં આ કૉલમની શરૂઆત રાજમોહન ગાંધીના 'પટેલઃ અ લાઈફ'ની 1991ની આવૃત્તિની પ્રસ્તાવનાથી કરી હતી. હવે તેનો અંત 2026ની આવૃત્તિની પ્રસ્તાવનાના અંશથી કરીશ. રાજમોહન લખે છેઃ 'રાજકીય હેતુઓ માટે પટેલનો દુરુપયોગ અથવા શોષણ કરવાના સતત પ્રયાસોમાંથી આપણે શું સમજવું જોઈએ? હિન્દુ સર્વોપરિતા અને મુસ્લિમ અધીનતાની રાજનીતિને પ્રોત્સાહન આપવા માટે સરદારનો ઉપયોગ કરવાના પ્રયાસોનો સામનો કરવો એ દુઃખદાયક છે.'

રાજમોહન અર્થપૂર્ણ રીતે અવલોકન કરે છે કે વર્તમાન સંદર્ભમાં ભારત અનેક પડકારોનો સામનો કરી રહ્યું છે ત્યારે 'પટેલ વિરુદ્ધ નેહરુના વિવાદને અતિશયોક્તિપૂર્વક રજૂ કરવો એ ધ્યાન ભટકાવવા તરીકે કામ કરે છે.' પુસ્તક વિશે તેઓ વધુમાં લખે છેઃ 'આ પાનાં બતાવશે કે પટેલ અને નેહરુ એકબીજા સાથે વારંવાર દલીલો કરતા હતા. તેમના મતભેદો ઘણી વાર તીવ્ર હતા. તેમની પૃષ્ઠભૂમિ, પ્રારંભિક જીવન અને દૃષ્ટિકોણ અલગ હતાં. ખાનગીમાં હંમેશાં અને ક્યારેક જાહેરમાં પણ બંને પોતાના મતભેદો વિશે સ્પષ્ટ હતા. તેમના મતભેદોમાં ડ્રામા અને અર્થ છે. જો કે, આ પાનાં પ્રગટ કરશે કે અંતે દરેક વિવાદનો અંત એકતામાં પરિણમ્યો હતો.' પટેલ-નેહરુના મતભેદો ઉકેલવામાં મહાત્માની ભૂમિકા નોંધ્યા પછી રાજમોહન આશા વ્યક્ત કરે છે કે વાચકો ગાંધી-પટેલ-નેહરુ ત્રિકોણની અસાધારણ પ્રકૃતિને ઓળખશે અને સમજશે કે દરેક તોફાની સંકટ અને ઉથલપાથલ પછી આ ત્રણેયનું એક થવું ભારત માટે કેટલું મોટું વરદાન હતું.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

ફટાકડા પ્રદૂષણમાં વધારો કરે છે

તહેવાર એટલે ઉજવણી અને ઉજવણી એટલે આનંદ. દિવાળી, નવરાત્રિ, લગ્ન કે નવા વર્ષની ઉજવણી ફટાકડા વગર અધૂરી લાગે છે. એક ક્ષણના આનંદ માટે ફોડવામાં આવતા ફટાકડા પર્યાવરણ અને માનવજીવનને લાંબા સમય સુધી નુકસાન પહોંચાડે છે. ફટાકડાથી મુખ્યત્વે વાયુ, ધ્વનિ અને જમીન પ્રદૂષણ થાય છે. ફટાકડામાં રહેલા રસાયણો સળગવાથી કાર્બન મોનોક્સાઈડ, સલ્ફર ડાયોક્સાઈડ જેવા હાનિકારક વાયુઓ ફેલાય છે. દિવાળી દરમિયાન હવામાં પ્રદૂષણનું પ્રમાણ વધી જાય છે. ફટાકડાના મોટા અવાજથી બાળકો, વૃદ્ધો, હૃદયના દર્દીઓ અને પ્રાણીઓને તકલીફ થાય છે. ફટાકડાનો કચરો જમીન અને ગટરોને પણ પ્રદૂષિત કરે છે. ફટાકડાના ધુમાડાથી આંખોમાં બળતરા, શ્વાસ લેવામાં તકલીફ, અસ્થમા અને એલર્જી જેવી સમસ્યાઓ થઈ શકે છે. ખાસ કરીને બાળકો અને વૃદ્ધોના સ્વાસ્થ્ય પર તેની ગંભીર અસર પડે છે. ફટાકડા ફોડવાને બદલે માટીના દીવા પ્રગટાવી, રંગોળી બનાવી અને મીઠાઈ વહેંચીને પણ તહેવારની ઉજવણી કરી શકાય છે. બાળકોને પ્રદૂષણનાં નુકસાન સમજાવવાની સાથે ગ્રીન ફટાકડાનો મર્યાદિત ઉપયોગ કરવા પ્રેરિત કરી શકાય છે. આપણી ઉજવણીથી બીજાના સ્વાસ્થ્ય અને પ્રકૃતિને નુકસાન ન થવું જોઈએ. સાચો ઉત્સવ એ જ છે, જેમાં સૌને આનંદ અને સ્વચ્છ હવા મળે. ચાલો, આ દિવાળીએ અવાજ નહીં, અજવાળું વહેંચીએ.

સુરત - રમેશ પટેલ

સરદારની ખુમારી આજે પણ પ્રેરણારૂપ

સરદાર વલ્લભભાઈ પટેલે આશરે 80 વર્ષ પહેલાં કહેલા વિચારો અને કથનો આજે પણ એટલાં જ પ્રસ્તુત છે. તેમના શબ્દોમાં જાહેર જીવનના અનુભવોનો નીચોડ અને જીવન જીવવાની ઊંડી શીખ સમાયેલી છે. 21મી સદીમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના યુગમાં પણ તેમના વિચારો માર્ગદર્શન આપે છે. તેમણે હંમેશા દેશહિતને સર્વોપરી રાખ્યું હતું, તેથી જ આજે પણ દેશવાસીઓ તેમને માનભેર યાદ કરે છે. સરદારે કહ્યું હતું કે સાચું બોલવાની હિંમત રાખો અને અન્યાય સામે સતત લડત આપો. તેમણે રાષ્ટ્રની પ્રગતિ માટે નૈતિકતાને મહત્ત્વની ગણાવી હતી. વર્તમાન સમયમાં નૈતિકતાનું ઘટતું સ્તર ચિંતાનો વિષય છે. તેમનો એક મહત્ત્વનો વિચાર હતો કે જનતા એક થઈ જાય તો ક્રૂર શાસન પણ તેની સામે ટકી શકતું નથી. શિક્ષણને તેમણે રાષ્ટ્રની પ્રગતિનો પાયો ગણાવ્યું હતું. પરંતુ શિક્ષણક્ષેત્રમાં વ્યાપેલો ભ્રષ્ટાચાર અને કથળતી સ્થિતિ જોઈને દેશની પ્રગતિ અંગે પ્રશ્નો ઊભા થાય છે. તેમની ઈચ્છા હતી કે ભારત ઉત્પાદક રાષ્ટ્ર બને, દેશમાં કોઈ ભૂખ્યું ન રહે અને કોઈને ખોરાક માટે આંસુ ન વહાવવાં પડે. ચારિત્ર્ય વિનાના શિક્ષણને પણ તેમણે નિરર્થક ગણાવ્યું હતું. સરદારના વિચારો નવી પેઢી માટે જીવનમંત્ર સમાન છે. દેશના રાજકારણીઓ પણ તેમના જીવનમાંથી પ્રેરણા લઈને પ્રજાસેવાને પ્રાથમિકતા આપે એ અપેક્ષા છે. તેમના વિચારોને જીવનમાં ઉતારીએ અને દેશહિતમાં કાર્ય કરીએ એ જ સરદારને સાચી શ્રદ્ધાંજલિ છે.

નવસારી - ડૉ. જે. એમ. નાયક

વાંચક આજકાલ દર્શક બની રહ્યો છે!

વાંચન જેવી ઉત્તમ હોબી કોઈ નથી. જ્યારથી પુસ્તકો લખાવા માંડ્યાં ત્યારથી વાચકની પણ શરૂઆત થઈ હતી. પુસ્તકની સાથે અખબારો અને બ્લોગ જેવી લેખિત સામગ્રી પણ વાંચવી પડે છે. પુસ્તક એ આત્માનો ખોરાક છે. ભાષા, સાહિત્ય અને મનોરંજન જગતના મહત્ત્વના અંગો છે. વાચક આંખનો ઉપયોગ કરે છે અને મન સાથે તાદાત્મ્ય સાધે છે. વાચકે વાંચન દરમિયાન પોતાની કલ્પનાશક્તિનો ઉપયોગ કરવો પડે છે. દર્શકે આંખની સાથે શ્રવણશક્તિનો પણ ઉપયોગ કરવો પડે છે. દર્શક ફિલ્મ, નાટક, રમતગમત, ટેલિવિઝન કે કોઈ પણ દૃશ્ય જુએ છે. અહીં બધું જ દૃશ્ય અને શ્રાવ્ય હોય છે. આજના યુગમાં વાંચન ઓછું થતું જાય છે. એટલે વાચક માહિતી મેળવવા માટે દૃશ્યો જોઈને માહિતી મેળવી લે છે. વાચકની કલ્પનાશક્તિ ઊંચી હોય છે. વાંચન માટે વધુ સમય આપવો પડે છે. તેની સાથે એકાગ્રતા માટે પણ વધારે સમયની જરૂર પડે છે.

દર્શક મનની શક્તિનો વિકાસ કરી શકતો નથી. વિદ્યાર્થીઓ પણ વાંચનને બદલે દૃશ્યને મહત્ત્વ આપી રહ્યા છે. વાંચન મન પર ઊંડી છાપ છોડી જાય છે. આજનો માનવી વાંચનને બદલે દર્શક બનવાનું વધુ પસંદ કરી રહ્યો છે. પહેલાં લોકોને વાંચનમાંથી આનંદ મળતો હતો, તે આનંદ હવે તેમને દૃશ્યોમાંથી મળે છે.

નવસારી - હિતેન્દ્ર ટેલર

કોમ્પ્યુટર સ્માર્ટ પણ માનસિકતા!

સુરતના એક કોમ્પ્યુટર શોરૂમમાં મારું લેપટોપ લેવા ગયો ને લીંબુ-મરચાં ટાંગેલાં જોયાં. પૂછ્યું તો જવાબ મળ્યો, "સાહેબ, આ બધું કરવું પડે, જવા દો ને...!" વાહ રે આધુનિક યુગ! કોમ્પ્યુટર ડિજિટલ, પણ માનસિકતા અંધશ્રદ્ધાના યુગમાં! કોમ્પ્યુટરમાં વાયરસ આવે તો એન્ટિવાયરસ, ધંધામાં મંદી આવે તો લીંબુ-મરચાં! વળી, હવે એ જ કોમ્પ્યુટરની મદદથી જ્યોતિષીઓ હાથની રેખાઓ અને કુંડળી જોઈને ભવિષ્ય ભાખે છે! AI આધારિત જ્યોતિષની વળી ખૂબ બોલબાલા! એક જ સાધનનો ઉપયોગ વિજ્ઞાન માટે પણ અને અંધશ્રદ્ધાના પ્રચાર માટે પણ! ટેક્નોલોજી અપડેટ થઈ, પણ વિચારસરણી ક્યારે અપડેટ થશે? વિજ્ઞાનનાં સાધનો વાપરવાં સહેલાં છે, વૈજ્ઞાનિક અભિગમ કેળવવો અઘરો! કોમ્પ્યુટર સ્માર્ટ બન્યાં, પણ અંધશ્રદ્ધા પણ સ્માર્ટ બની; માણસની વિચારશક્તિ ક્યારે સ્માર્ટ બનશે?!

સુરત - મુકેશ બી. મહેતા

નાસિકમાં કુંભમેળો

કેટલીક વાતો ચોકસાઈ કર્યા પછી લખવાથી વધારે પ્રભાવશાળી બને છે. જેમ કે, કુંભમેળાનું સ્થાન. સાંભળવામાં આવ્યા પ્રમાણે, આ સ્થાન બે ગ્રહોની સ્થિતિ અને તેઓ કઈ રાશિમાં છે તેના આધારે નક્કી થતું હોય છે. આ વાત એટલા માટે ધ્યાનમાં આવી કે માંડવી નજીક આવેલા બોધાન ગામના એક શિવાલયમાં 31 ઑક્ટોબરે બપોરે બાર વાગ્યે ધજા ચઢાવવાનો કાર્યક્રમ છે. તારીખ અને સમય વિશે તપાસ કરતાં જાણવા મળ્યું કે ગુરુ ગ્રહ બરાબર આ જ સમયે કર્ક રાશિમાં પ્રવેશ કરે છે. આશા છે કે, જેમ ગુપ્તચર વિભાગ નાના-નાના 'લીડ્સ' ભેગા કરી તેનું સંકલન કરીને એક ચોક્કસ નિર્ણય પર આવે છે, તે જ પ્રકારે ભારતીય સંસ્કૃતિના એક મહત્ત્વના મેળાના આયોજન માટે સમય (કઈ તારીખે) અને સ્થાન નિશ્ચિત કરવાનાં ક્રાઈટેરિયા વિશે આપણે 'ચર્ચાપત્ર' શરૂ કરીએ. અસ્તુ.

સુરત - ચેતન સુશીલ

બીયુસી વગર મિલકતોનું પઝેશન આપ્યું?

સુરત મહાનગરપાલિકા જ્યારે બિલ્ડરોને બીયુસી (બિલ્ડિંગ યુઝ પરમિશન) આપે, ત્યારબાદ બિલ્ડરો ફ્લેટોનું વેચાણ કરીને કાયદેસરનું પઝેશન ખરીદનાર પક્ષને આપે છે. પરંતુ નવાં ડેવલપર્સ એસએમસીની બીયુસી વિના જ મિલકતોનો વપરાશ શરૂ કરતાં શહેરી વિકાસ વિભાગ બિલ્ડરો સામે મોટી કાર્યવાહી કરતાં મિલકત ખરીદનાર સામાન્ય પરિવારોની હાલત સૂડી વચ્ચે સોપારી જેવી થઈ ગઈ છે.

શહેરી વિકાસ વિભાગ તરફથી નિયમભંગ બદલ મોકલવામાં આવેલી નોટિસોથી બિલ્ડરો અને મિલકત ખરીદનારાઓ મુશ્કેલીમાં મુકાયા છે.

સુરત - રાજુ રાવલ